# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com


---

અખબારી યાદી

તા. 29-03-2022

૨૭ વર્ષથી સમગ્ર આદિવાસી સમાજનાં ઓળખ અને અસ્તિત્વને ખતમ કરવા ભાજપ સરકાર સતત કામ કરી રહી છે. આદિવાસી સમાજના હક્ક અને અધિકાર અને અસ્તિત્વ બચાવવા માટેની લડાઈ કોંગ્રેસ પક્ષ લડી રહ્યો છે. આદિવાસી સમાજને નુકસાન કરતી ભાજપ સરકારની વિવિધ યોજના, પ્રોજેક્ટોનો વિરોધ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં પ્રદેશ પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે અંબાજીથી લઈ ઉમરગામમાં વસતા આદિવાસી સમાજને ભાજપ સરકાર ટાર્ગેટ કરી રહી છે. આજે સમગ્ર આદિવાસી સમાજ પોતાના અસ્તિવ માટે લડાઈ લડી રહ્યો છે. જંગલમાંથી ભગાડવા, જમીન પડાવવી, નીતનવા પ્રોજેક્ટ, યોજનાઓ,રોડ રસ્તાનાં નામે આદિવાસી સમાજનાં હક્ક અધિકારને છીનવવાનું કામ ભાજપ સરકાર કરી રહી છે.આદિવાસી વિસ્તારોમાં શાળા ન હોય, શાળા હોય તો શિક્ષક ન હોય, શિક્ષક હોય તો ઓરડાની ઘટ હોય, આરોગ્ય સુવિધાની કથળતી પાયમાલ સ્થિતી એ ભાજપ સરકારની ઓળખ બની છે. માત્ર જાહેરાતો અને ઠાલા વચનોથી આદિવાસીનો વિકાસ થતો નથી.

તાજેતરમાં તાપી-પાર-નર્મદા લીક પ્રોજેક્ટને સ્થગિત-રદ્ કરવાની જાહેરાત ભાજપનાં પ્રદેશ પ્રમુખશ્રી સી.આર.પાટીલ દ્વારા કરવામાં આવી. ગુજરાતનો નાગરિક જાણવા માંગે છે કે શું સી.આર.પાટીલ મુખ્યમંત્રી છે? શું તેઓ વન પર્યાવરણ કે પાણી પુરવઠા મંત્રી છે? જો ના તો કોઈ રાજકીય પક્ષનાં પ્રમુખ કઈ રીતે કેન્દ્ર-રાજ્ય સરકારની યોજનાનાં બજેટ, રદ્-સ્થગિતનાં નિર્ણય અંગે જાહેરાત કરી શકે?

શું રાજ્યમાં મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ પાસે કોઈ સત્તા નથી? શું રાજ્યના વન પર્યાવરણ મંત્રી- પાણી પુરવઠા મંત્રી પાસે કોઈ સત્તા નથી? ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રીનું રિમોટ કોની પાસે છે? તેનો જવાબ ભાજપ સરકાર આપે.. ગુજરાતની છ કરોડ નાગરિકોને રીમોટથી ચાલતી સરકાર નથી જોઈતી. અંબાજી થી ઉમરગામ પૂર્વ પટ્ટીમાં રહેતા આદિવાસી પરિવારોના હક્ક – અધિકાર છીનવવાની નીતિ ભાજપ સરકાર બંધ કરે.

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવકતા